# સિટીની ૭ કોલેજના સ્ટુડન્ટ્સે બનાવેલી કાર કોમ્પિટિશનમાં



સિલ્વર ઓક કોલેજની કાર

**ઇન્દોર નજીક આવેલા પીઠમપુરમાં યોજાનાર ફાઇનલ રાઉન્ડમાં ૧૨૫ વચ્ચે મુખ્ય સ્પર્ધા**

**અમદાવાદ : ૨૮ ડિસેમ્બર ૨૦૧૩**

એન્જીનિયરિંગના સ્ટુડન્ટ્સ માટે દર વર્ષે યોજાતી બાહા કોમ્પિટીશન આ વર્ષે ૨૦ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. જેમાં સ્ટુડન્ટ્સે તૈયાર કરેલી કારની રેસ કરવામાં આવે છે. આ કોમ્પિટિશનમાં આ વર્ષે અમદાવાદની ૭ કોલેજની ટીમ જોડાઇ રહી છે અને આ માટે પાર્ટિસિપન્ટ કોલેજ દ્વારા પોતાની કાર તૈયાર કરવામાં આવી છે. આ વર્ષે ભારતમાંથી ૩૨૭ ટીમોએ ભાગ લીધો હતો, જેમાંથી ૧૨૫ ટીમને પસંદ કરવામાં આવી છે. આ કોમ્પિટિશનની ફાઇનલ ઇન્દોર નજીક આવેલાં પિઠમપુરમાં યોજાશે.



સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જીનિયરિંગના ૨૫ સ્ટુડન્ટ્સ દ્વારા આ કોમ્પિટિશન માટે એક કાર તૈયાર કરવામાં આવી છે. ટીમની કેપ્ટન કાજલ પ્રજાપતિ જણાવે છે કે,'આ માટે અમને પહેલા બોલાવવામાં આવ્યા ત્યારે અમે ત્યાં ૧૫ મિનિટનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. એ પછી પ્રોજેક્ટ પાસ થયા બાદ તેમના તરફથી જ એન્જિન પ્રોવાઇડ કરવામાં આવે છે. આ ઉપરાંત સ્ટુડન્ટ્સે તૈયાર કરેલી કારને અલગ અલગ એંગલથી તપાસવામાં આવે છે. જેમ કે આ કાર ગમે તેવા રસ્તા પર સરળતાથી ચાલી શકશે? કોઇ પણ ઊંચાઇએ કે ડિગ્રીમાં સરળતાથી વળી શકે? ઉપરાંત આ કાર એક સાથે ૪ કલાક સુધી ચાલી શકે તે પ્રકારની ક્ષમતા વાળું હોવું જોઇએ. આ જ રીતે એલ.ડી એન્જિનિયરિંગના સ્ટુડન્ટ્સ દ્વારા પણ આ પ્રકારની એક કાર ડિઝાઇન કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે તેમણે આ કાર માત્ર દોઢ મહિનામાં જ તૈયાર કરી છે.



એલડી એન્જિ.ની કાર

**આ કોલેજ પાર્ટિસિપેટ કરશે**

- અમદાવાદ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી
- ઇન્ડસ ઇન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરિંગ
- યુનિવર્સલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી
- સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરિંગ
- ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, નિરમા યુનિ.
- એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ